

Green Card for USA by EB 5 investor visa
NEWS OF GANDHINAGAR (DAILY)
USA #EB5Visa #Greencard
Call / Whats up No 09824653073

પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક
अब तो एक ही आग ''जन फरियाद''
now on Internet www.janfariyad.com
R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

તંત્રી : પ્રદિપ રાવલ
સાપ્તાહિક

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-26 ■ અંક-24 ■ તા. 05-06-2022 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk

# ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહનું ૮૬.૯૧% પરિણામ

**રાજકોટની હર્ષિતા કીડી ગુજરાત બોર્ડમાં ૯૯.૯૯ પી.આર સાથે બોર્ડમાં ટોપર છે. તેના પિતા કારખાનામાં મજૂરી કરે છે**




ગાંધીનગર,તા.૪

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક બોર્ડનું ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ અને ઉત્તર બુનિયાદી પ્રવાહનું પરિણામ જાહેર થઈ ગયું છે. વિદ્યાર્થીઓએ બોર્ડની વેબસાઈટ પરથી પરિણામ જોયું હતું આ વર્ષે પરીક્ષા આપનારા કુલ ૮૬.૯૧ ટકા વિદ્યાર્થીઓ ઉતીર્ણ થયા છે.આ પહેલા બોર્ડ તરફથી ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહનું પરિણામ જાહેર કરાયું હતું.

આ વર્ષે નિયમિત વિદ્યાર્થીઓનું પરિણામ ૮૬.૯૧ ટકા જાહેર થયું છે. જેમાં સુબીર, છાપી, અલારસ કેન્દ્રનું પરિણામ ૧૦૦ ટકા આવ્યું છે. જ્યારે ડભોઈ કેન્દ્રનું પરિણામ સૌથી ઓછું ૫૬.૪૩ ટકા આવ્યું છે. આ વર્ષે સૌથી વધારે પરિણામ ધરાવતા જિલ્લો ડાંગ રહ્યો છે. ડાંગ જિલ્લાનું પરિણામ ૯૫.૪૧% રહ્યું છે. સૌથી ઓછું પરિણામ ધરાવતો જિલ્લો વડોદરા રહ્યો છે. વડોદરાનું પરિણામ ૭૬.૪૯% રહ્યું છે. આ વર્ષે ૧૦૦ ટકા પરિણામ ધરાવતી શાળાઓની સંખ્યા ૧૦૬૪ છે.

આજે જાહેર પરિણામની વિગતો જોઈએ તે કુલ પરિણામ-૮૬.૯૧%,સૌથી વધુ પરિણામ ધરાવતું કેન્દ્ર સુબીર,છાપી, અલારસા, ૧૦૦%, સૌથી ઓછું પરિણામ ધરાવતું કેન્દ્ર ડભોઈ, ૫૬.૪૩%,સૌથી વધુ પરિણામ ધરાવતો જિલ્લો ડાંગ ૯૫.૪૧%, સૌથી ઓછું પરિણામ ધરાવતો જિલ્લો વડોદરા ૭૬.૪૯%, ૧૦૦ ટકા પરિણામ ધરાવતી શાળા ૧૦૬૪,૧૦ ટકાથી ઓછું પરિણામ ધરાવતી શાળા ૧,નિયમિત વિદ્યાર્થીઓનું પરિણામ (M) ૮૪.૬૭% નિયમિત વિદ્યાર્થિનીઓનું પરિણામ (એફ) ૮૯.૨૩% કોપી કેસની સંખ્યા ૨૫૪૪૩, ૩૭ , ૫૪૦ વિદ્યાર્થીઓ નોંધાયા હતા બોર્ડ તરફથી આપવામાં આવેલી સત્તાવાર માહિતી પ્રમાણે આ વર્ષે આ પરીક્ષામાં ૩,૩૭,૫૪૦ નિયમિત ઉમેદવારો નોંધાયા હતા, જે પૈકી ૩,૩૫,૧૪૫ પરીક્ષાર્થીઓ પરીક્ષામાં ઉપસ્થિત રહ્યા હતા, જેમાંથી ૨,૯૧,૨૮૭ પરીક્ષાર્થીઓ ઉત્તીર્ણ થયા છે. નિયમિત ઉમેદવારોનું પરિણામ ૮૬.૯૧% ટકા આવ્યું છે. જ્યારે અગાઉના વર્ષમાં ઉત્તીર્ણ ન થયા હોય તેવા પુનરાવર્તિત ઉમેદવારો તરીકે ૩૨,૧૪૩ ઉમેદવારો નોંધાયા હતા, તે પૈકી ૩૦,૦૧૪ ઉપસ્થિત રહ્યા હતા. જેમાંથી ૧૩,૬૪૧ ઉમેદવાર સફળ થયા છે. પુનરાવર્તિત ઉમેદવારોનું પરિણામ ૪૫.૪૫ % આવ્યું છે.આ પરીક્ષામાં ૨૨,૧૬૧ ખાનગી નિયમિત ઉમેદવારો નોધાયા હતા, જે પૈકી ૨૦,૧૮૯ પરીક્ષાર્થીઓ પરીક્ષામાં ઉપસ્થિત રહ્યા હતા અને તેમાંથી ૯,૮૭૭ પરીક્ષાર્થીઓ ઉત્તીર્ણ થયેલ છે. ખાનગી નિયમિત ઉમેદવારોનું પરિણામ ૪૮.૯૨ % આવ્યું છે. અગાઉના વર્ષમાં ઉત્તીર્ણ ન થયા હોય તેવા ખાનગી પુનરાવર્તિત ઉમેદવારો તરીકે ૨૪,૫૬૭ ઉમેદવારો નોધાયેલા હતા, તે પૈકી ૨૨,૮૫૧ ઉપસ્થિત રહ્યા હતા. જેમાંથી ૧૦,૭૦૦ ઉમેદવાર સફળ થયા છે. આમ ખાનગી પુનરાવર્તિત ઉમેદવારોનું પરિણામ ૪૬.૮૩% આવ્યું છે.બોર્ડના પરિણામ પર નજર કરીએ તો આ વર્ષે કોમ્પ્યુટર વિષયમાં સૌથી વધારે વિદ્યાર્થી નાપાસ થયા છે. કોમ્પ્યુટર વિષયનું પરિણામ ૮૫.૭૨% આવ્યું છે. જ્યારે હિન્દી વિષયનું સૌથી વધારે ૯૯.૨૮ ટકા પરિણામ આવ્યું છે.

રાજકોટની હર્ષિતા કીડી જે ગુજરાત બોર્ડમાં ટોપર આવી છે. ૯૯.૯૯ પી.આર સાથે હર્ષિતા કીડી બોર્ડમાં ટોપર છે. કારખાનામાં મજૂરી કરતા પિતાની દીકરી બોર્ડમાં ફર્સ્ટ આવતા પરિવારમાં ખુશીનો માહોલ છવાયો છે. પરંતુ દુર્ભાગ્યવશ તેનો ભાઈ હોસ્પિટલમાં દાખલ હોવા છતાં બહેન પરિણામ લેવા આવી હતી. હર્ષિતા કીડીએ ભારે મને જણાવ્યું હતું કે, ભાઈ હોસ્પિટલમાં દાખલ છે પરંતુ બોર્ડનું પરિણામ જાહેર થતા પરિવારમાં ખુશી જોવા મળી રહી છે, જ્યારે હર્ષિતાએ પરિણામનો શ્રેય પરિવારને આપ્યો છે.ધોરણ-૧૨ના સામાન્ય પ્રવાહમાં ટોપ પર આવનાર હર્ષિતા કીડીએ વધુમાં કહ્યું કે, આ પરિણામનો શ્રેય મારા પરિવારને જાય છે. તો બીજી તરફ રાજકોટની ધોળકિયા સ્કૂલનો વિદ્યાર્થી મિત રાદડિયા પણ બોર્ડમાં ટોપર છે. સબ મર્શિબલ પંપ બનાવતા ભાવેશભાઈનો પુત્ર ૯૯.૯૯ પી.આર સાથે બોર્ડમાં ટોપર આવ્યો છે. ગુજરાત બોર્ડમાં ટોપ પર આવનાર વિદ્યાર્થી અને તેના પરિવારમાં ખુશીનો માહોલ છવાઈ ગયો. બીજી તરફ ૬ જૂનના રોજ ધોરણ ૧૦નું પરિણામ જાહેર કરવામાં આવશે.

### ગાયક કે.કે.નું મોત

## એસી બરાબર કામ કરી રહ્યું હતું, જગ્યાની કોઈ અછત નહોતી : કોલકાતા પોલીસ વડા

કોલકતા,તા.૪

કોલકાતાના પોલીસ કમિશનર વિનીત ગોયલે પ્રખ્યાત ગાયક કૃષ્ણકુમાર કુન્નાથના નિધન પર કહ્યું હતું કે, જ્યાં બુધવારે ગાયકનું પરફોર્મન્સ ચાલી રહ્યું હતું, ત્યાં નઝરુલ મંચ પર જગ્યાની કોઈ કમી ન હતી અને એસી પણ ચાલી રહ્યું હતું. પોલીસ વડા ગોયલે જણાવ્યું હતું કે, જો કે, પોલીસ ભીડને રોકવા માટે ચોક્કસ પગલાં લે છે અને જ્યારે જરૂર પડે ત્યારે તાત્કાલિક તબીબી સહાય પૂરી પાડે છે.

તેમણે કહ્યું,''સ્થળ પર અમુક અંશે ભીડ હોઈ શકે છે, પરંતુ એવી કોઈ પરિસ્થિતિ નહોતી કે જ્યાં લોકોને જગ્યાની અછત હોય અથવા પરસેવો થતો હોય અથવા (અન્ય) લોકો સાથે સમસ્યા હોય,'' તેમણે કહ્યું કે કે.કે. તેમના છેલ્લા સ્થળ નઝરુલ મંચ સાંજે ૬.૨૨ વાગ્યે પહોંચ્યા અને સાંજે ૭.૦૫ વાગ્યે મંચ પર પહોંચ્યા. ''કોઈપણ સમયે ટોળાએ તેમને દબાવી દીધા ન હતા, તે જગ્યાએ પૂરતી પોલીસ હતી,''

કોલકાતાના પોલીસ વડા ગોયલે કહ્યું કે ગાયકના આગમનના ઘણા સમય પહેલા એક આસિસ્ટન્ટ કમિશનર હેઠળ પોલીસ વ્યવસ્થા હતી. તેમણે કહ્યું કે જો કે, તે સમયે સ્થળ પર કેટલા લોકો ઉભા હતા તેના પર વિવાદ ઊભો થઈ રહ્યો છે.

તેમણે ઉમેર્યું હતું કે પોલીસ પાસે ''સ્પષ્ટ વીડિયો છે જ્યાં તમે લોકોને આરામથી ઉભા રહીને નાચતા જોઈ શકો છો.'' ગોયલે સ્પષ્ટપણે જણાવ્યું હતું કે કોઈ પણ સમયે નાસભાગ જેવી સ્થિતિ સર્જાઈ ન હતી અને જ્યારે ઘટનાનો વીડિયો શૂટના જુદા જુદા એંગલથી જોવામાં આવ્યો ત્યારે જાણવા મળ્યું કે ગાયકના પરફોર્મન્સને આરામથી જોવા માટે ભીડ માટે પૂરતી જગ્યા હતી.

તેમણે કહ્યું કે આયોજકો, કલાકારો, સંગીતકારો અથવા મંચ પર હાજર ભીડે ક્યારેય પોલીસને કહ્યું નથી કે કંઈક ખોટું છે. તેમણે કહ્યું કે આ કાર્યક્રમમાં કેટલા લોકો હાજર હતા તેની ચોક્કસ સંખ્યા જાણી શકાઈ નથી કારણ કે અલગ-અલગ સમયે સંખ્યા અલગ-અલગ હશે. તેમણે કહ્યું કે નઝરુલ મંચમાં લગભગ ૨૫૦૦ બેઠકો છે અને મોટાભાગની ભીડ તેમની બેઠકો સામે ઊભી હતી.


જણાવી દઈએ કે કે.કે.ના મૃત્યુ પર કોલકાતા પોલીસે અકુદરતી મૃત્યુનો કેસ નોંધ્યો છે અને તેની તપાસ કરી રહી છે.

કેકેનું મંગળવારે રાત્રે હૃદયરોગના હુમલાથી અવસાન થયું હતું. આના થોડા કલાકો પહેલા તેમણે કોલકાતામાં 'નઝરૂલ મંચ'માં આયોજિત એક કાર્યક્રમમાં પરફોર્મ કર્યું હતું.

## જ્ઞાનવાપીમાં પૂજાને લઈને હંગામો, સ્વામી અવિમુક્તેશ્વરાનંદને મઠમાં નજરકેદ કરાયા

વારાણસી,તા.૪

જ્ઞાનવાપી મસ્જિદના વઝુખાનામાં શિવલિંગ પર જળ ચઢાવવા આવેલા સ્વામી અવિમુક્તેશ્વરાનંદને પોલીસે અટકાવ્યા હતા. અવિમુક્તેશ્વરાનંદે કહ્યું કે અમે ભગવાનને ભૂખ્યા અને તરસ્યા રાખી શકતા નથી અને હવે અમને અંદર જતા અટકાવવામાં આવ્યા છે, તો અમે બહાર બેસીને પૂજા કરીશું. શકરાચાર્ય સ્વરૂપાનંદ સરસ્વતીના શિષ્ય અવિમુક્તેશ્વરાનંદને પોલીસે તેમના મઠમાં નજરકેદમાં રાખ્યા`. વાસ્તવમાં, જ્ઞાનવાપી મસ્જિદમાં કરવામાં આવેલા સર્વેના વીડિયોમાં કથિત રીતે શિવલિંગ બતાવવામાં આવ્યું હતું. આ પછી અવિમુક્તેશ્વરાનંદે શનિવારે જ્ઞાનવાપીમાં પૂજા કરવાની જાહેરાત કરી હતી. આ પછી પોલીસે તેમને પરવાનગી ન આપી અને તેને મઠમાં નજરકેદ કરી દીધા છે.





અવિમુક્તેશ્વરાનંદે જાહેરાત કરી હતી કે તેઓ ૭૧ લોકો સાથે જ્ઞાનવાપી પહોંચશે અને પૂજા કરશે. આ વિશે જાણ્યા પછી, વારાણસી પોલીસે અવિમુક્તેશ્વરાનંદને જ્ઞાનવાપી જવાની મંજૂરી આપી ન હતી. તે જ સમયે, જાહેરાતને ધ્યાનમાં રાખીને, શનિવારે સવારે વારાણસી પોલીસ સોનારપુરા વિસ્તારમાં સ્થિત અવિમુક્તેશ્વર અને સરસ્વતીના વિદ્યા મઠના ગેટ પર પહોંચી.

હાલ પોલીસે આશ્રમને ચારે બાજુથી ઘેરી લીધો છે. પોલીસ અવિમુક્તેશ્વરાનંદના કાર્યક્રમ માટે પરવાનગીના અભાવનું કારણ આપી રહી છે. મઠની અંદર અને બહાર જનારાઓ પર પણ ઝીણવટભરી નજર રાખવામાં આવી રહી છે. તમને જણાવી દઈએ કે શુક્રવારે સાંજે પ્રશાસને અવિમુક્તેશ્વરાનંદને જ્ઞાનવાપીમાં પૂજા કરવાની મંજૂરી આપી ન હતી.

વહીવટીતંત્ર દ્વારા જારી કરાયેલા નિવેદનમાં એ વાત પર ભાર મૂકવામાં આવ્યો છે કે જ્યાં સંત સમાજ પૂજા કરવાની માંગ કરી રહ્યો છે, તેને કોર્ટના આદેશ બાદ સીલ કરી દેવામાં આવી છે. આવી સ્થિતિમાં ત્યાં પૂજાની મંજૂરી આપી શકાય નહીં. એ પણ સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે જો કોઈ પ્રશાસનના આદેશનું પાલન નહીં કરે તો તેની સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.સ્વામી અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતી શનિવારે શ્રીવિદ્યા મઠના ગેટ પાસે જ્ઞાનવાપીમાં પૂજા કરવા જતા અટકાવવામાં આવ્યા બાદ ઉપવાસ પર બેસી ગયા છે. તેમણે કહ્યું કે જ્યાં સુધી તેઓ જ્ઞાનવાપીમાં પ્રગટ થયેલા આદિ વિશ્વેશ્વરના શિવલિંગની પૂજા નહીં કરે ત્યાં સુધી તેઓ અન્ન-જળ પણ લેશે નહીં.તેમણે વધુંમાં કહ્યું હતુ કે-'અમારી નાની એવી માંગ છે કે અમને દિવસમાં એક વખત અમારા આરાધ્યની પૂજા કરવાની મંજુરી આપવામાં આવે. પોલીસકર્મીઓ અમારી સામે ઉભા છે, અમારો રસ્તો રોકે છે. પોલીસ તેમનું કામ કરશે, અમે અમારું કામ કરીશું. પૂજા કરવાનો અધિકાર એ દરેક સનાતન ધર્મનો મૂળભૂત અધિકાર છે.

પૂજાની મંજૂરી ન આપવા બદલ પ્રશાસન પર સવાલ ઉઠાવતા સ્વામીએ કહ્યું, 'પોલીસ અમારી પાસેથી પૂજાની સામગ્રી લઈ જાય અને અમારા આરાધ્ય દેવતાની પૂજા કરે. ભગવાનની ઉપાસના ન કરવાથી, અમે પાપના ભાગીદાર બનીશું નહીં. એવું કેવી રીતે થાય કે આપણે સ્નાન કરીએ, ખાઈએ અને પાણી પીએ અને આપણા ભગવાન એમનાં એમ જ રહે.'

સ્વામી અવિમુક્તેશ્વરાનંદ હંમેશા પોતાના નિવેદનોને કારણે ચર્ચામાં રહે છે. થોડા દિવસો પહેલા એક નિવેદનમાં તેમણે કહ્યું હતું કે સનાતન ધર્મમાં માત્ર એક જ દેવતા માનવામાં આવે છે, તે શિવ છે. જે શિવને જાણતો નથી, તેમનો મહિમા સમજી શકતો નથી, તે શિવલિંગને ઝરણું કહે છે.

## મહારાષ્ટ્ર કોંગ્રેસનો ગાંધી નહેરૂનો સહારો, સ્કુલોમાં જવાહર બાલ મંચ બનાવશે

મુંબઈ,તા.૪

કોંગ્રેસના રાષ્ટ્રીય સ્તર પર ચિંતન બાદ હવે પ્રદેશ સ્તર પર પણ મંથનનો દૌર શરૂ થઇ ગયો છે.

મહારાષ્ટ્ર કોંગ્રેસના નેતાઓએ શિરડીમાં બે દિવસ સુધી સંગઠનની મજબુતી સહિત અનેક મુદ્દા પર ચિંતન કર્યું બે દિવસ સુધી ચાલેલી આ શિબરમાં મહારાષ્ટ્ર કોંગ્રેસે ગાંધી નહેરૂની વિચારધારાના પ્રચારનો નિર્ણય લીધો છે.તેના માટે ૮૦ હજાર વોટ્સએપ ગ્રુપ બનાવવાની યોજના છે.

મહારાષ્ટ્ર કોંગ્રેસ સ્કુલોમાં જવાહર બાલ મંચ બનાવી લોકો સુધી બાળપણથી જ ગાંધી નહેરૂના વિચાર પહોંચાડવાનો પ્રયાસ કરાશે ફેલોશિપ ઉપલબ્ધ કરાવવા પર પણ પાર્ટી ભાર આપશે.

નેતાઓએ તેના પર પણ મંથન કર્યું કે પાર્ટીની હિન્દુત્વ વિરોધી તસવીર કેવી રીતે બદલવામાં આવે પાર્ટી નેતાઓએ ચિંતન બાદ એ નક્કી કર્યું છે કે પદાધિકારી હિન્દુ તહેવારો અનો સાંસ્કૃતિક આયોજનોમાં ભાગ લે

મહારાષ્ટ્ર કોંગ્રેસની ચિંતન શિબિરમાં એ નક્કી થયું છે કે પાર્ટીના નેતા અને કાર્યકર્તા રામલીલા રામનવમી ગણેશ ઉત્સવ દુર્ગાપુજા જેવી આયોજનોમાં પોતાની સહભાગિતા વધારશે નેતાઓને આશા છે કે આ પગલાથી કોંગ્રેસનો ભાજપ તરફથી બનાવવામાં આવી રહેલ હિન્દુ વિરોધી તસવીરથી બહાર કાઢવામાં મદદ મળશે

મહારાષ્ટ્ર કોંગ્રેસે ભાજપથી મુકાબલો કરવા માટે રોટી કપડા મકાન રોજગાર અભ્યાસ આરોગ્ય મોંધવારી અને સામાજિક સુરક્ષા પર ફોકસ કરવાનો પણ નિર્ણય લેવામાં આવ્યો છે પાર્ટી નેતાઓએ ભાજપ પર ધાર્મિક અનો જાતિવાદી રાજનીતિનો આરોપ પણ લગાવ્યો મહારાષ્ટ્ર કોંગ્રેસની ચિંતન શિબિરમાં એ પણ નિર્ણય લેવામાં આવ્યો છે કે સમાન વિચારધારાવાળા પક્ષો સાથે ગઠબંધનના વિકલ્પ ખુલ્લા રાખવામાં આવશે આ ઉપરાંત એવો પણ નિર્ણય લેવામાં આવ્યો છે કે યુવા અનો મહિલા પર ફોકસ કરવામાં આવે અનો કોંગ્રેસ તરફથી દુર દુરના વિસ્તારોમાં યુવતીઓને મફતમાં સાયકલ આપવામાં આવે અનો રાજયના દરેક જીલ્લામાં ઈન્દિરા ગાંધી મહિલા સેંટર બનાવવામાં આવે અનો પ્રાઈવેટ નોકરીઓમાં પણ અનામત લાગુ કરવા પર ભાર મુકવામાં આવે

## સચિન વાજેને એક કેસમાં માફી, એકમાં જામીન, પરંતુ એક કેસ ચાલુ રહેશે

મુંબઈ,તા.૪

મુંબઈના ભૂતપૂર્વ પોલીસ અધિકારી સચિન વાજે સામે નોંધાયેલા ચારમાંથી એક કેસમાં તેને માફી આપવામાં આવી છે જ્યારે અન્ય એક કેસમાં તેને જામીન મળી ચૂક્યા છે. જણાવી દઈએ કે, અનિલ દેશમુખ કેસમાં સત્તાવાર સાક્ષી બન્યા બાદ આ અઠવાડિયે મુંબઈની વિશેષ અદાલતે વાજેને માફી આપી હતી. મુંબઈ પોલીસના પૂર્વ અધિકારીની મુસીબતો હજુ પણ ઓછી થતી દેખાતી નથી.૧૯૯૦માં મહારાષ્ટ્ર પોલીસમાં જોડાનાર સચિન વાજેને ૨૦૦૨ના ઘાટકોપર બોમ્બ ધડાકાના આરોપી ખ્વાજા યુનુસના કસ્ટોડિયલ ડેથ પછી પ્રથમ વખત સેવાઓમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. ત્યારથી ચાલી રહેલા આ કેસમાં તે હજુ પણ સુનાવણીનો સામનો કરી રહ્યો છે. આ કેસમાં તેમને સસ્પેન્શન દરમિયાન કોર્ટે જામીન આપ્યા હતા.પ્રથમ સાક્ષીની જુબાની બાદ, આ કેસમાં સ્પેશિયલ પબ્લિક પ્રોસિક્યુટર દ્વારા એક અરજી કરવામાં આવી હતી, જેમાં વાજે અને તેના કોન્સ્ટેબલો ઉપરાંત પોલીસ અધિકારીઓના અન્ય જૂથને પણ આરોપી બનાવવાની માંગ કરવામાં આવી હતી. સ્પેશિયલ પબ્લિક પ્રોસિક્યુટરના પત્રને પગલે મહારાષ્ટ્ર સરકાર દ્વારા તેમની સેવાઓ સમાપ્ત કરવામાં આવી હતી અને ત્યારથી નવા સ્પેશિયલ પબ્લિક પ્રોસિક્યુટરની નિમણૂકની રાહ જોઈને ટ્રાયલ અટકી પડી હતી. વાજે હજુ પણ આ કેસમાં આરોપી છે અને તે આ કેસમાં મુખ્ય આરોપીઓમાંનો એક હોવાથી તે આ કેસમાં સાક્ષી બની શકે નહીં અને માફી માંગી શકે નહીં.

વાજેને ૧૬ વર્ષના સસ્પેન્શન પછી જૂન ૨૦૨૦ માં કોરોના સમયગાળા દરમિયાન મુંબઈ પોલીસમાં પુનઃસ્થાપિત કરવામાં આવ્યા હતા. નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી (ફ્રૈંછ) દ્વારા ૨૦૨૧ના એન્ટિલિયા કેસ અને બિઝનેસમેન મનસુખ હિરેનના મૃત્યુમાં બાદમાં તેની ધરપકડ કરવામાં આવી હતી.

## જેની ત્રણ ત્રણ પત્નીઓ અને ૧૫-૨૦ બાળકો હોય છે તે વસ્તી ગણતરી ઇચ્છતા નથી રોહિંગ્યા બાંગ્લાદેશીઓની પણ ગણતરી થાય : બિહારના મંત્રી નીરજ બબલુ

પટણા,તા.૪

બિહાર સરકારના મંત્રી અને ભાજપ નેતા નીરજકુમાર સિંહ બબલુએ કહ્યું કે જાતિ આધારિત વસ્તીગણતરીમાં બિહારમાં ગેરકાયદેસર રીતે રહેનારા રોહિંગ્યા અને બાંગ્લાદેશી મુસલમાનોની પણ ગણતરી થવી જોઈએ.નીરજકુમાર સિંહ બબલુનો તર્ક છે કે ગત કેટલાક વર્ષોમાં બિહારમાં મુસ્લિમ વસ્તી ખુબ તેજીથી વધી રહી છે અને આવામાં જાતિ આધારિત વસ્તી ગણતરીથી સ્પષ્ટ થઇ જશે કે બિહારમાં મુસલમાનોની વસ્તી કેટલી ગતિથી વધી રહી છે.

આ પહેલા કેન્દ્રીય મંત્રી અને ભાજપના ફાયર બ્રાન્ડ નેતા ગિરિરાજ સિંહે માંગ ઉઠાવી છે કે બિહારમાં ગેરકાયદેસર રહેતા રોહિંગ્યા અને બાંગ્લાદેશી મુસલમાનોની ગણતરી જાતિ આધારિત વસ્તી ગણતરી દરમિયાન થવી જોઈએ નહીં

બિહાર સરકારમાં મંત્રી નીરજકુમાર સિંહ બબલુએ કહ્યું કે જાતિ આધારિત વસ્તી ગણતરીથી સ્પષ્ટ થઇ જશે કે કયાં સમાજના લોકોની કેટલી જનસંખ્યા વધી છે ખાસ કરીને લઘુમતિ સમાજની,બિહારમાં જે ધુષણખોરો રહે છે પછી તે રોહિંગ્યા હોય કે પછી બાંગ્લાદેશી આ તમામ ઈચ્છે છે કે કાયદેસરથી રહ્યાં હોય કે ગેરકાયદેસરથી તેમની પણ ગણતરી થવી જોઈએ

બબલુએ લઘુમતિઓ પર નિશાન સાંધતા આશંકા વ્યકત કરી કે એવા પણ અનેક મુસ્લિમ સમાજના લોકો છે જે ૩-૩ પત્નીઓ રાખે છે અથવા તો તેમના ૧૫-૨૦ બાળકો હોય છે અને આ સંખ્યા છુપાવવા માટે તે ગણતરી કરાવવા ઈચ્છતા નથી જો તે ઈચ્છે છે કે જાતિ આધારિત વસ્તી ગણતરી દરમિયાન એક એક વ્યક્તિની ગણતરી થવી જોઈએ

નીરજ બબલુએ કહ્યું કે બિહારમાં અનેક એવા લોકો રહે છે જે જયારે ગણતરી શરૂ થાય છે તો તે ગણતરી છુપાવે છે.અનેક લોકોને ત્રણ ત્રણ પત્ની અને ૧૫-૨૦ બાળકો હોય છે તેની તે ગણતરી કરાવવા ઈચ્છતા નથી હું ઈચ્છુ છું કે આ એક એક વ્યક્તિની ગણતરી થવી જોઈએ જેથી એ સ્પષ્ટ થાય કે લઘુમતિ સમાજની વસ્તી કેટલી ઝડપથી બિહારમાં વધી રહી છે.-

# તંત્રી લેખ

## બગડતી સ્થિતિ



કાશ્મીરના કુલગામ જિલ્લામાં બેંક મેનેજર વિજય કુમારની હત્યા બાદ ઘાટીમાંથી કાશ્મીરી હિંદુઓ જ નહીં, બલ્કે અન્ય બિનમુસ્લિમોના પલાયનનો ખતરો પણ વધી ગયો છે. રાજસ્થાનના રહેનારા વિજય કુમારને જે રીતે બેંકમાં ઘૂસીને ગોળી મારી દેવાઈ, તેનાથી એ સ્પષ્ટ છે કે આતંકીઓ અલ્પસંખ્યકોને વીણી-વીણીને નિશાનો બનાવવા તત્પર બન્યા છે - તે ચાહે કાશ્મીરી હિંદુ હોય કે એ લોકો, જે કામધંધા કે નોકરી માટે ઘાટીમાં રહેતા હોય. ધ્યાન રહે કે આ જ કુલગામ જિલ્લામાં મંગળવારે દલિત હિંદુ શિક્ષિકા રજનીબાળાની હત્યા કરી દેવાઈ હતી. તેમનો પરિવાર ૧૯૯૦માં ઘાટીથી પલાયન બાદ જમ્મુમાં રહેતો હતો. થોડાં વર્ષ પહેલાં તેમને કેન્દ્ર સરકારના એક વિશેષ પેકેજ અંતર્ગત કુલગામમાં નોકરી મળી હતી. આતંકીઓએ તેમને તેમની સ્કૂલમાં ઘૂસીને ગોળી મારી દીધી. તેના પહેલાં કંઈક આ જ રીતે બડગામમાં તાલુકા કર્મચારી રાહુલ ભટ્ટની હત્યા કરી દેવામાં આવી હતી. જોકે કાશ્મીરી હિંદુઓના ટાર્ગેટ કિલિંગનો સિલસિલો ગયા વર્ષે ઓક્ટોબરથી કંઈક વધારે તેજ બન્યું છે, તેથી તેઓ ભયના ઓથાર હેઠળ જીવે તે સ્વાભાવિક છે. રાહુલ ભટ્ટ અને પછી રજનીબાળાની હત્યા બાદ ઘાટીમાં નોકરી કરી રહેલા કેટલાય કાશ્મીરી હિંદુઓ જે રીતે ભયભીત થઈને જમ્મુ આવી ગયા છે, તે ગંભીર ચિંતાની વાત છે. કાશ્મીરી હિંદુઓને ઘાટીમાં ફરીથી વસાવવાની કોશિશ વચ્ચે ઘાટીમાં એવી હાલત પેદા થવી ઠીક નથી કે ત્યાં વધ્યા-ઘટ્યા કાશ્મીરી હિંદુ પલાયન કરવા માટે વિવશ બની જાય.

ભલે જમ્મુ-કાશ્મીર પ્રશાસન કાશ્મીરી હિંદુઓને આશ્વાસન આપી રહ્યું હોય, પરંતુ તેની કોઈ ખાસ અસર એટલા માટે નથી પડવાની, કારણ કે તેમને વીણી-વીણીને નિશાનો બનાવવાનું ચાલુ છે. તેનાથી તેમની ધીરજ ખૂટી રહી છે. એ સાચું છે કે કાશ્મીરી હિંદુઓને નિશાનો બનાવી રહેલા આતંકીઓને શોધીને મારી નાખવામાં આવે છે, પરંતુ એ સમજવું જોઈએ કે જો તેઓ આ જ રીતે કાશ્મીરી હિંદુઓને મારતા રહ્યા તો પછી તેના માટે ત્યાં રહેવું મુશ્કેલ હશે. એટલા માટે, કારણ કે કથિત કાશ્મીરિયતની વાત કરનારા રાજકીય પક્ષ કાશ્મીરી હિંદુઓની હત્યાઓની નિંદા કરીને કર્તવ્ય પૂરું થયાનું માની લે છે. આખરે આ કેવી કાશ્મીરિયત છે, જે ઘાટીના હિંદુઓ સાથે દરેક એ કાશ્મીરીના જીવની દુશ્મન બની ગઈ છે, જે ભારતની વાત કરે છે? સવાલ એ પણ છે કે આતંકીઓને ઘટના બનતાં પહેલાં જ શોધીને મારવાની રણનીતિ કેમ નથી અપનાવાતી? જો કાશ્મીરની બગડતી હાલત સંભાળવી હોય તો આતંકીઓ સાથે તેમને આશ્રય-સહયોગ આપનારા લોકોને પણ નિર્મમતાથી કચડી નાખવા પડશે, કારણ કે સ્થાનિકોના સહયોગ વગર આતંકી ઘટનાઓને અંજામ આપવો ખૂબ મુશ્કેલ કામ બની જાય

# એષા ખુલ્લી કિતાબ- ૧૧




કેલેન્ડરનાં પાનાં એક પછી એક ફરતાં જતાં હતાં. કેમો-થેરેપીની એક પછી એક ટ્રીટમેન્ટ સમયાંતરે ચાલતી હતી. જો કે હવે રોહિત પ્રમાણમાં પહેલા કરતા વધુ સ્વસ્થ દેખાતા હતા. લગ્નના

દિવસો પણ નજીક આવતા હતા તેમ બધુ જ ભૂલીને પ્રસંગ ઉકેલવાના નિર્ણયમાં ઈશ્વર કૃપાએ સ્વાસ્થ્યનો પણ સારો સથવારો રહ્યો.

લગ્ન મંડપની "ચોરીમાં વિધિ માટે બેઠેલા એષા અને રોહિત માટે ખરેખર ધન્ય ક્ષણ હતી. ઢોલીના ઢોલના તાલે મામાઓ ઋચાને માયરામાં લઈને આવ્યા અને જે પળે ઋચાનો હાથ કાર્તિકના હાથમાં મૂક્યો, ગઠબંધન થયાં, ઋચા કાર્તિકને પરણીને ઊઠી ત્યારે એષાના હૃદયના બંધ છૂટી ગયા. આટઆટલા સમયથી સ્વસ્થ દેખાતી એષા આજે કેમ કરીને પોતાની જાતને જાળવી શકતી નહોતી. સૌ સમજતા હતા કે ઋચાની વિદાય એ એક માત્ર કારણ નહોતું. આજ સુધીની મનને રોકી રાખતી મનને બાંધી રાખતી આ દિવસોની વ્યસ્તતા પૂરી થતા હવે શું?

ઋચાના લગ્નના બહાને તો એષા અને રોહિત બંને એકબીજાને ટકાવી રાખવાનો પ્રયાસ કરતાં હતાં. હવે ખરો સમય હતો રોહિતને

સાચવવાનો. ઋચાની વિદાય પછી ખાલી પડેલું ઘર જાણે સાવ શાંત પડી ગયું હતું. લગ્નનાં લીધે થોડીઘણી પણ કામની વ્યસ્તતા, પરિવારજનોની આવનજાવનના લીધે જે ચહલપહલ હતી તે સાવ સમી ગઈ હતી. શ્વાસ લેવામાં પણ મૂંઝારો થાય એટલી હદે ઘરમાં ભાર વર્તાતો હતો.

એષાએ વળી પાછું મન મક્કમ કર્યું. જાણે કશુંજ બન્યું નથી અથવા કશું બનવાનું પણ નથી એવી સાહજિકતા વર્તનમાં લાવવાનો પ્રયાસ

કરવા માંડયો. મહદ અંશે સરળતા પણ મળી. ધીમે ધીમે થોડો થોડો સમય હોસ્પિટલ જવાનું શરુ કર્યું. આ પણ એક જવાબદારી તો હતી જ અને વળી એની આડ હેઠળ થોડું રોજીંદુ જીવન સામાન્ય બનશે એવી આશા પણ હતી. રોહિત સમજી શકતો હતો એષાની આ મથામણ અને એમાંથી બહાર આવવાના વલખાં.

થોડી સ્વસ્થતા પ્રાપ્ત થતાં એણે પણ હોસ્પિટલ જવું એવો મનોમન નિર્ણય કર્યો પણ એનું શરીર જોઈએ એટલે સાથ આપતું નહીં.

ધ્રુમિલે લંડન જવાનું માંડી જ વાળ્યું હતું એનો મોટો સધિયારો તો હતો.

ધ્રુમિલે ભારત પાછા આવ્યા પછી અને સેટ થવા માટે નવેસરથી એકડો ઘૂંટવાનો હતો. આટલા વર્ષ ભારતથી દૂર રહ્યા પછી અહીં એક ઓળખ ઊભી કરવાની હતી. જો કે અત્યારે તો એના માટે પોતાના ભવિષ્ય કરતા ડૅડીના વર્તમાન સંજોગો વધુ મહત્વના હતા.

પણ ભારતથી દૂર રહ્યાના વર્ષોએ જ એના માટે નવી દુનિયા ખોલી નાખી. ફોરેન રિટર્ન એ એક મોટી અને મહત્વની ઓળખ સાબિત થઈ.

પરદેશનું ભણતર અને જેટલું કર્યું હતું એ થોડાં કામનો અનુભવ પણ ઘણો બધો કામ લાગ્યો. આણંદ તો નહીં પણ બરોડામાં જોબ મળી ગઈ.

"એમ પણ ઠીક છે ધ્રુમિલ. ભલે સાવ સાથે રહેવાના બદલે ભલે તું જરાક દૂર હોઈશ પણ હાથ લંબાવતા તને પકડી શકીશ એટલો તો નજીક છું ને?" એષા પાસે સમયને અનુકૂળ થઈને આગળ વધવાની જે પ્રકૃતિ હતી એ ફરી એક વાર સચેત થઈ.

એનો પણ વિકાસ રુંધાય એવું એષા અને રોહિત ઈચ્છતા નહોતા એટલે આણંદ રહેવાનો આગ્રહ તો ક્યારેય હતો જ નહી અને ઋચા પણ તો અહીં હતી જ ને?

એષાએ ધ્રુમિલના જવાની તૈયારીઓ કરવા માંડી.

"સરસ મઝાનું ઘર મળી ગયું છે. નાનું પણ બધીજ સગવડોવાળું અને સોસાયટી પણ અલકાપૂરી એટલે એ પણ મારા માસીની મીરાંના ઘરની પણ સાવ નજીક. મીરાં ધ્રુમિલનું ધ્યાન રાખશે".

એષા અને ધ્રુમિલ બરોડા જઈ આવ્યા અને ઘરનું નક્કી કરી આવ્યા. એનો અહેવાલ આપતા એષા રોહિતને એની આ આવનજાવનમાં પરોક્ષ રીતે સામેલ કરે જતી હતી.

"પ્લીજ, ડૅડી તમે આવશોને તો તમને પણ ગમશે જ" ધ્રુમિલે એષાની વાતને ટેકો આપ્યો.

ડૅડી ક્યારેક રવિવારે હું આવું એના બદલે તમે અને મમ્મી ત્યાં આવશે તો તમને પણ ચેઈન્જ રહેશે. મીરાં માસી અને માસા પણ કેટલા

# દિવ્યાંગ સ્મિતે બોર્ડના પરિણામમાં ડંકો વગાડ્યો, ૯૯.૯૭ પર્સન્ટાઈલ મેળવ્યા

રાજકોટ,તા.૪

ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહનુ પરિણામ જાહેર થઈ ગયુ છે. રાજકોટના વિદ્યાર્થીઓએ ધોરણ ૧૨ ના પરિણામમાં ડંકો વગાડયો છે વિદ્યાર્થીઓમાં ઉત્સાહ અને ઉમંગ જોવા મળ્યો હતો ત્યારે રાજકોટના ધોળકિયા સ્કૂલનો વિદ્યાર્થી સ્મિત ચાંગેલાએ ૯૯.૯૭ પર્સન્ટાઈલ મેળવીને શાળા તથા પરિવારનું નામ રોશન કર્યુ છે. ખાસ વાત તો એ છે કે, સ્મિત શારીરિક ક્ષતિ ધરાવે છે. તેને એક જ જગ્યાએ બેસીને અભ્યાસ કરવો પડે છે. ત્યારે આખુ વર્ષ દિવસ-રાત જોયા વગર તેણે જે મહેનત કરી તેને તેનુ ફળ મળ્યુ છે. પરિણામ જાહેર થતા જ તે વ્હીલચેર પર સ્કૂલે પહોંચ્યો હતો. જ્યાં સ્કૂલ દ્વારા તેને મીઠાઈ ખવડાવી અને ગળામાં હાર પહેરાવીને શુભેચ્છા આપવામાં




આવી હતી. પરિણામ વિશે સ્મિત કહે છે કે, હુ લખી કે ચાલી શક્તો નથી, બેસીને જ ભણવુ પડે, એક બેન્ચ પર બેસીને સતત ભણ્યા કરતો હતો. ઓનલાઈન કરતા ઓફલાઈન અભ્યાસ રહ્યો હોત તો મારું પરિણામ હજી વધ્યુ હોત. મારુ આટલુ પરિણામ આવ્યું તેની પાછળ મારા માતાપિતા અને કુટંબની ભારે મહેનત. તેમના કારણે જ હું અહીં પહોંચ્યો છું.

સ્મિત ચાંગેલાની મોરબીમાં સિરામિકની ફેક્ટરી છે. સ્મિત ચાંગેલાને નિરોપથી રોગ છે. શારીરિક ક્ષતિ હોવાથી સ્મિતે રાઈટરની મદદથી પરીક્ષા આપી હતી. તેણે કહ્યુ કે, મેં આ પરીક્ષા રાઈટર થ્રુ આપી હતી. મારા રાઈટર તેજ માંકડિયાએ નિસ્વાર્થભાવે મારે મદદ કરી, આજે અમારા બેવની મદદ ફળી છે. આગામી સમયમાં હુ યુપીએસએસી અને જીપીએસસીની પરીક્ષા આપવાની મારી ઈચ્છા છે. હું આગળ જઈને વિકલાંગો અને દિવ્યાંગોની સેવા કરવા માંગુ છું. મારે દેશની સેવા કરવી છે.

તેના પિતાએ કહ્યુ કે, તેનુ પરિણામ સ્કૂલ અને તેની માતાને કારણે આવ્યુ. તેની માતાએ તેના અભ્યાસ પર બહુ જ ધ્યાન આપ્યુ હતું. હુ સવારથી સાંજ સુધી મોરબી જ હોઉ છું, સ્મિતની જવાબદારી ૯૦ ટકા તેના મમ્મી નિભાવે છે. તો કોરોમાં કેવી રીતે અભ્યાસ કરાવ્યો તે વિશે માતાએ કહ્યુ કે, મહેનત તો બધાની છે. તેના તમામ સાહેબોની છે. સ્મિત વિકલાંગ છે તે એક જ જગ્યાએ બેસીને અભ્યાસ કરે છે. તેથી તમામે તેની પાછળ બહુ મહેનત કરી. આગળ તે યુપીએસસીની તૈયારી કરશે. તેને કલેક્ટર થવુ છે.

# રાજકોટની હર્ષિતા કીડી ૯૯.૯૯ પીઆર સાથે ગુજરાત બોર્ડમાં ટોપર

## મજૂરી કરતા પિતાની દીકરી ફર્સ્ટ આવતા પરિવારમાં ખુશી

રાજકોટ,તા.૪

ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહનું ૮૬.૯૧ ટકા પરિણામ જાહેર કરાયું છે. સૌથી વધુ ૧૦૦ ટકા પરિણામ ધરાવતા કેન્દ્ર સુબિર, છાપી, અલારસા છે. જ્યારે ડાંગ જિલ્લાનું પરિણામ સૌથી વધુ એટલે કે ૯૫.૪૧ ટકા આવ્યું છે. નવાઈની વાત એ છે કે વડોદરા જિલ્લાનું પરિણામ સૌથી ઓછું ૭૬.૪૯ ટકા નોંધાયું છે. રાજકોટ જિલ્લાનું ૮૮.૭૨ ટકા પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. જેમાં એ ૧ ગ્રેડમાં ૪૦૨, બીર ગ્રેડમાં ૨૫૫૮, બી૧ ગ્રેડમાં ૪૧૬૬, બીર ગ્રેડમાં ૪૮૭૬ વિદ્યાર્થીઓ પાસ થયા છે.

આજે ગુજરાત બોર્ડનું ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ જાહેર થયું છે. જેમાં રાજકોટની હર્ષિતા કીડી જે ગુજરાત બોર્ડમાં ટોપર આવી છે. ૯૯.૯૯ પીઆર સાથે હર્ષિતા કીડી બોર્ડમાં ટોપર છે. કારખાનામાં મજૂરી કરતા પિતાની દીકરી બોર્ડમાં ફર્સ્ટ આવતા પરિવારમાં ખુશીનો માહોલ છવાયો છે.કારખાનામાં મજૂરી કામ કરતા પિતાની દીકરી બોર્ડ ફસ્ટ આવી છે. પરંતુ દુર્ભાગ્યવશ તેનો ભાઈ હોસ્પિટલમાં દાખલ હોવા છતાં બહેન પરિણામ લેવા આવી હતી. હર્ષિતા કીડીએ ભારે મને જણાવ્યું હતું કે, ભાઈ હોસ્પિટલમાં દાખલ છે પરંતુ બોર્ડનું પરિણામ જાહેર થતા પરિવારમાં ખુશી જોવા મળી રહી છે, જ્યારે હર્ષિતાએ પરિણામનો શ્રેય પરિવારને આપ્યો છે. હર્ષિતા કીડીએ વધુમાં કહ્યું કે, આ પરિણામનો શ્રેય મારા પરિવારને જાય છે.

નોંધનીય છે કે, પરીક્ષામાં વિદ્યાર્થિનીઓએ બાજી મારી છે. વિદ્યાર્થીઓનું પરિણામ ૮૪.૬૭ ટકા અને નિયમિત વિદ્યાર્થિનીઓનું પરિણામ ૮૯.૨૩ ટકા નોંધાયું છે.

# હરિયાણા કોંગ્રેસના નેતા અને ધારાસભ્ય કુલદીપ બિશ્નોઈએ પાર્ટીની ચિંતા વધારી દીધી

ચંડીગઢ,તા.૪

રાજ્યસભાની ચૂંટણીમાં રાજસ્થાન અને હરિયાણા વચ્ચેનો જંગ રસપ્રદ બની રહ્યો છે. બંને જગ્યાએ કોંગ્રેસની ચિંતા વધી રહી છે. પાર્ટી ક્રોસ વોટિંગના ખતરાનો સામનો કરી રહી છે. આ જ કારણ છે કે કોંગ્રેસે તેના તમામ ધારાસભ્યોને સલામત સ્થળે ઘેરી લીધા છે. આ દરમિયાન હરિયાણા કોંગ્રેસના નેતા અને ધારાસભ્ય કુલદીપ બિશ્નોઈએ પાર્ટીની ચિંતા વધારી દીધી છે.

કુલદીપ બિશ્નોઈએ કહ્યું, 'હું એક મજબૂત કોંગ્રેસમેન રહ્યો છું અને હું કોઈની સાથે વાત કરતો નથી. રાહુલ ગાંધીને મળ્યા પહેલા હું કોઈ નિર્ણય નહીં લઈશ. ત્યાં સુધી હું કોંગ્રેસના કોઈપણ મંચ પર ઉભો રહીશ નહીં. મેં હજુ સુધી રાજ્યસભાની ચૂંટણી માટે મતદાન અંગે નિર્ણય લીધો નથી. હું મારી મરજીથી મત આપીશ, કોઈના દબાણમાં નહીં.જોકે, બિશ્નોઈએ રણદીપ સુરજેવાલાના વખાણ કર્યા છે. તેમણે કહ્યું, ×સુરજેવાલા ખૂબ સારા રાજકારણી છે, આવી વ્યક્તિ રાજ્યસભામાં હોવી જોઈએ. હું રાજસ્થાનના તમામ કોંગ્રેસના નેતાઓને વિનંતી કરું છું કે તેઓ બધું ભૂલીને તેમની યોગ્યતાના આધારે મતદાન કરે.૯૦ ધારાસભ્યો ધરાવતી હરિયાણા વિધાનસભામાં રાજ્યસભાની બે બેઠકો માટે ચૂંટણી યોજાઈ રહી છે. કોંગ્રેસે અહીંથી અજય માકનને ટિકિટ આપી છે. બીજી તરફ ભાજપે કૃષ્ણલાલ પંવારને પોતાના ઉમેદવાર બનાવ્યા છે. પૂર્વ કેન્દ્રીય મંત્રી વિનોદ શર્માના પુત્ર કાર્તિકેય શર્માએ અપક્ષ



ઉમેદવાર તરીકે ઉમેદવારી નોંધાવી છે. હરિયાણામાં રાજ્યસભાની સીટ જીતવા માટે કોંગ્રેસ પાસે ૩૧ ધારાસભ્યો છે, પરંતુ કાર્તિકેય શર્માના દાવાએ સ્ક્રૂ ફસાઈ ગયો છે.

કાર્તિકેયના સસરા કુલદીપ શર્મા હરિયાણા કોંગ્રેસ પાર્ટીના ધારાસભ્ય છે. ગુરુવારે કેન્દ્રીય નેતૃત્વએ તમામ ધારાસભ્યોને દિલ્હી બોલાવ્યા હતા. જે બાદ તમામ લોકોને રાયપુર મોકલવામાં આવ્યા હતા. મોડી સાંજે તમામ વિશેષ વિમાન દ્વારા રાયપુર એરપોર્ટ પહોંચ્યા હતા.

ભાજપ પાસે ૪૦ અને કોંગ્રેસ પાસે ૩૧ ધારાસભ્યો છે. ૩૧ ધારાસભ્યોના સમર્થનથી કોંગ્રેસના ઉમેદવારની જીત નિશ્ચિત છે, પરંતુ કોંગ્રેસ માટે ખતરો ક્રોસ વોટિંગથી છે. આ એટલા માટે છે કે ૨૦૧૬ જેવી કોઈ અણધારી ઘટના એટલે કે પેન કૌભાંડ ન બને. કોઈપણ ધારાસભ્યનો મત રદ થવો જોઈએ નહીં.કાર્તિકેયને ભાજપ, જેજેપી, અપક્ષ અને ગોપાલ કાંડાનું સમર્થન છે. જો કે આ બધા મળીને ૩૧ સુધી પહોંચતા નથી અને ગણતરીમાં માત્ર ૨૮ જ થયા છે, પરંતુ જે રીતે કોંગ્રેસની અંદર અનેક નેતાઓમાં નારાજગી જોવા મળી રહી છે તે જોતા કાર્તિકેય ફરક કરી શકે તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

# ધોરણ-૧૨ના પરિણામમાં સુરતમાં રત્નકલાકારની દીકરી ઝળકી,

## ગોપી વઘાસીયાને ૯૬.૨૮ સાથે એવન ગ્રેડ મળ્યો

સુરત,તા.૪

ગુજરાત ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આજે ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહ પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. આ વખતે પણ વિદ્યાર્થી કરતા વિદ્યાર્થિનીઓ મેદાન મારી ગઈ છે. સુરતમાં આ વર્ષે ૬૪૩ વિદ્યાર્થીઓ એ ૧ ગ્રેડ પાસ થયા છે. જેમાં સુરત આશાદીપ ગ્રુપ ઓફ સ્કૂલના વિદ્યાર્થીઓ મેદાન મારી ગયા છે. સુરતના આશાદીપ સ્કૂલના એ૧ ગ્રેડમાં ૧૪૩ વિદ્યાર્થીઓ આવ્યા છે. આ શાળામાં અભ્યાસ કરતી રત્નકલાકર પરિવારની વિદ્યાર્થિની ગોપી વઘાસીયા પ્રથમ આવી છે. ગોપી વઘાસીયાને ૯૬.૨૮ સાથે એવન ગ્રેડ મળ્યો છે.રાજકોટ જિલ્લાના જામકંડોરણા તાલુકાના ગુંદાશ્રી ગામના વતની ચીમનભાઈ વઘાસીયાની પુત્રી ગોપીએ ધોરણ-૧૨માં એ વન ગ્રેડ મેળવવાની સાથે પરિવારનું નામ રોશન કર્યું છે. પિતા ઘણા વર્ષોથી સુરતમાં હીરા ઘસવાના વ્યવસાય સાથે સંકળાયેલા છે. પોતાનીમહેનત વિશે ગોપીએ જણાવ્યું હતું કે એક વર્ષ પહેલા કોરોનાનો સમય હોવાથી ઓનલાઈન અભ્યાસની સાથે સાથે હોશિયાર વિદ્યાર્થીઓનું સોશિયલ મીડિયામાં ગ્રુપ બનાવ્યું હતું. જેમાં એકબીજા પોતાના પ્રશ્નોનું નિરાકરણ કરતા હતા. અમે આઠથી દસ કલાક મહેનત કરતા હતા. શિક્ષકો અને માતા-પિતાનો પૂરતો સપોર્ટ મળ્યો હતો.

પરિણામ જાહેર થયા પછી સુરત આશાદીપ સ્કૂલના વિદ્યાર્થીઓ-વિદ્યાર્થિનીઓ માથે ફેટા બાંધી ગરબે ઝુમતા જોવા મળ્યા હતા. સારા પરિણામ આવતા બધા જ ખુશ જણાતા હતા. જેનો આનંદ ગરબામાં જોવા મળતો હતો. સ્કૂલ સંચાલક દ્વારા વિદ્યાર્થીઓને મીઠાઈ ખવડાવી શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

# ગોધરા આંગડીયા પેઢીમાં ૪૭ લાખ રૂપિયાની ચોરીનો ભેદ ઉકેલાયો, ત્રણ આરોપીઓની ધરપકડ

ગોધરા,તા.૪

ગોધરા સ્થિત મહેન્દ્રભાઈ સોમાભાઈ પટેલની આંગડીયા પેઢીમાં ૪૭ લાખ રૂપિયાની થયેલી ચોરીનો ગોધરા એલસીબી અને બી ડીવીઝન પોલીસે ગણતરીના કલાકોમાં ભેદ ઉકેલી ત્રણ આરોપીઓની ધરપકડ કરી છે.પોલીસે ૪૭ લાખ પૈકી ૪૫ લાખ રૂપિયા રીકવરી પણ કરી લીધી છે. ઉલ્લેખનીય છે કે આંગડિયા પેઢીના કર્મચારીએ જ તેના મિત્ર સાથે મળી ૪૭ લાખની માતબર રકમ ચોરીનું કાવતરૂ રચ્યું હતું અને જેનાબાદ આજે સવારે ગોધરા બી ડીવીઝન પોલીસ મથકે ચોરી થયા અંગે ફરિયાદ નોંધાવતા પોલીસે ટેકનીકલ સર્વેલન્સ ,સીસીટીવી ફૂટેજ સહિતની મદદથી ચોરીનો ભેદ ઉકેલવામાં સફળતા મેળવી છે.

ગોધરાના સોનીવાડ વિસ્તારમાં આવેલી મહેન્દ્ર સોમાભાઈ પટેલ આંગડીયા પેઢી માંથી રોકડ રૂપિયા અને બે મોબાઈલ ફોન મળી કુલ ૪૭.૧૨ લાખની ચોરી થઈ હોવાની ગોધરા શહેર બી ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ આંગડિયા પેઢીના કર્મચારીએ નોંધાવતા પોલીસ એક્શનમાં આવી ગઈ હતી.

જિલ્લા પોલીસવડાએ એલ.સી.બી અને ગોધરા શહેર બી ડીવીઝન પોલીસની ટીમ ની રચના કરી ચોરીનો ભેદ ઉકેલવા સૂચના આપી હતી. જેથી પોલીસે ગોધરા શહેરના જાહેરમાર્ગો ઉપરના સી.સી.ટી.વી. ફુટેજ,હ્યુમન સોર્સ અને ટેકનીકલ સર્વેલન્સની મદદ લેતાં ગણતરીના કલાકોમાં ચોરીનો ભેદ ઉકેલાયો હતો.

પોલીસ તપાસમાં × ઘર કા ભેદી લંકા ઢાયે × ઉક્તિ જેમ આંગડિયા પેઢી માં થયેલી ચોરી એક પૂર્વ આયોજિત કાવતરૂ હોવાનું બહાર આવ્યું હતું.આંગડિયા પેઢીમાં નોકરી કરતાં મેહુલ સોલંકીએ તેના મિત્ર દર્શન સોની સાથે મળી ૪૭ લાખની ચોરી કરવાનું આયોજન કરી નાણાં એડવાન્સમાં સરકાવી લીધા હતા અને દર્શનના મોડાસા ખાતે રહેતા સંબંધીને ત્યાં નાણાં ના પેકેટ પહોંચાડી દેવાયા હતા.

બીજી તરફ પેઢી માં માતબર રકમની ચોરી થઈ હોવાની જયપાલસિંહ રાઠોડને જાણ થતાં તેઓએ ગોધરા શહેર બી ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.જે ગુનામાં પોલીસે ત્રણ આરોપીઓ (૧) મેહુલસિંહ તખતસિંહ સોલંકી રહે.તરસંગ લીમડાવાળુ ફળીયુ તા.શહેરા જી.પંચમહાલ (૨) દર્શન ઉર્ફે પેન્ટર પંકજભાઇ સોની રહે.સોનીવાડ સુરેન્દ્ર સાયકલની પાસે પેન્ટર ખડકી ગોધરા (૩) નરેન્દ્રકુમાર પ્રવિણચંદ્ર સોની રહે.મકાન નંબર ૪૩, પંચ જયોત સોસાયટી માલપુર રોડ મોડાસા ની બે મોબાઈલ ફોન અને ૪૫ લાખ રૂપિયા રોકડા સાથે ધરપકડ કરી બે લાખ રૂપિયા રીકવરી કરવાની કાર્યવાહી હાથ ધરી છે.

# માઇભક્તે અંબાજી માતાને સવા પાંચ લાખનો સુવર્ણ મુગટ અર્પણ કર્યો

અંબાજી,તા.૪

અમદાવાદના એક માઈભક્તે માતાજીને સોનાનો મુગટ દાન કર્યો હતો. પવિત્ર યાત્રાધામ અંબાજીમાં દાનની સરવણી અવીરત ચાલું છે. યાત્રાધામ અંબાજી ગોલ્ડન ટેમ્પલ તરીકે અગ્રેસર જોવા મળી રહ્યું છે. માઈભકતો દ્વારા સોનાના દાનનો અવિરત પ્રવાહ ચાલું રાખવામાં આવ્યો છે. જેમાં આજે અંબાજી મંદિરને એક ભક્ત દ્વારા સોનાનો મુગટ દાનમાં આપવામાં આવ્યો છે. અમદાવાદના માઈ ભકતે ૫.૧૮ લાખની કિંમતનું ૧૧૮.૭૫ ગ્રામ જેટલા સોનાનું મુગટનું દાન કર્યુ હતું. અંબાજી મંદિરમાં અનેક માઈભક્તો સોનાનું દાન કરી રહ્યા છે.અંબાજી મંદિરમાં અનેક માઈભક્તો સોનાનું દાન કરી રહ્યા છે. અનેક શ્રદ્ધાળુઓની માનતા પુરી થતાં પણ સોનું ચઢાવી રહ્યા છે. ત્યારે થોડા દિવસો પહેલા લુણાવાડાના માઈભક્તે મા અંબાને સોનાનો મુગટ ભેટ ધર્યો હતો. પરિવારે માતાજીના દર્શન પૂજા અર્ચના કરી રૂ.૩,૪૮,૬૭૨ કિંમતનો ૭૨.૬૪૦ મિલીગ્રામ વજનનો સુવર્ણ મુગટ માતાજીના ચરણમાં ભેટ ધર્યો હતો અને ધન્યતા અનુભવી હતી. જોકે માઈ ભક્તે પોતાનું નામ જાહેર કરવાનો ઈન્કાર કર્યો હતો. માં અંબાના ધામમાં અનેક શ્રદ્ધાળુઓ ગુપ્તદાન પણ કરતા હોય છે.માઈભક્ત દ્વારા મા અંબાને ૫૦૦ ગ્રામ સોનું અર્પણ કરાયું હતું. અંદાજીત ૨૪ લાખ ૫૦ હજાર રૂપિયાનું સોનાનું દાન માઈભક્તે આપ્યું હતું.

# બનાસકાંઠાના ડીસા તાલુકાનાં ગેનાજી ગોલિયાં ગ્રામ પંચાયતમાં શૌચાલય કોભાંડ સામે આવ્યું

ડીસા,તા.૪

સરકારે સામાન્ય માણસની સુવિધા માટે શૌચાલય તો બનાવ્યા. સારામાં સારી યોજના લાવીને સ્વચ્છ ભારત માટે વિકાસલક્ષી કાર્ય કરવાનું જાહેર કર્યું પરંતુ તે જ સરકારના કેટલાક અધિકારીઓના વાંકે સામાન્ય નાગરિક અનેક સુવિધાઓથી વંચિત રહે છે. તાજેતરમાં બનાસકાંઠાના ડીસા તાલુકાનાં ગેનાજી ગોલિયાં ગ્રામ પંચાયતમાં શૌચાલય કોભાંડ આચારાયું હોવાનું જાણવા મળ્યું છે.

વધુ વિગત અનુસાર અહીં મૃતકોના નામે ખોટા રેકર્ડ પર શૌચાલય બનાવ્યાંનું કૌભાંડ સામે આવ્યું છે.આ સમગ્ર ઘટનાની જાણ ગ્રામજનોએ કરતા સમગ્ર મામલો સામે આવ્યો છે.જાગૃત ગ્રામજનોએ જિલ્લાના વિકાસ અધિકારીને રજુઆત કરતા જિલ્લાના વિકાસ અધિકારી એ આપ્યા આ મામલે તપાસના આદેશ આપ્યાં છે. એટલું જ નહીં તપાસમાં ગેરરીતિ જણાતા જવાબદાર કર્મચારી-અધિકારીઓ સામે આકરાં પગલાં ભરવાની પણ જિલ્લા વિકાસ અધિકારીએ સૂચના આપવાની ફરજ પડી છે. બનાસકાંઠા જિલ્લામાં શૌચાલય કૌભાંડ વાસ્તવમાં કર્મચારીઓ અને અધિકારીઓ માટે કલંકજનક વાત છે. આ કૌભાંડમાં કાગળ પર બનેલા શૌચાલય ખરેખર અસ્તિત્વમાં જ નથી. ત્યારે આખરે જનતાએ જાગૃત બનીને આ અંગે જિલ્લા વિકાસ અધિકારીને લેખિતમાં ફરિયાદ કરતાં જિલ્લા વિકાસ અધિકારી ડીસા તાલુકાના ગેનાજી ગોળીયા ગામમાં બનેલા શૌચાલયની તપાસ ના આદેશ આપ્યા બાદ આજે જિલ્લા વિકાસ અધિકારી સ્થળ પર જઈ આજે જાત નિરીક્ષણ કરવામાં આવ્યું હતું અને જિલ્લાના વિકાસ અધિકારી એ આપ્યા આ મામલે તપાસના આદેશ આપ્યાં છે. એટલું જ નહીં તપાસમાં ગેરરીતિ જણાતા જવાબદાર કર્મચારી-અધિકારીઓ સામે આકરાં પગલાં ભરવાની પણ જિલ્લા વિકાસ અધિકારીએ સૂચના આપવાની ફરજ પડી છે. આ આદેશને પગલે ગેનાજી ગોળીયા ગામમાં ગેરરીતિ આચરનાર કર્મચારીઓ-અધિકારીઓમાં ફફડાટ ફેલાયો છે.